




## પ્રાંતિજમાં વેપારીઓએ સ્વયંભૂ બપોર બાદ બજાર બંધ કરવા નિર્ણય

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ બજારના વેપારીઓ દ્વારા બપોર બાદ સ્વયંભૂ બજાર બંધ કર્યા હતા. એકલ દોકલ સિવાય તમામ નાના મોટા વેપારીઓએ સ્વયંભૂ દુકાનોના શટર બપોરના ૨ વાગ્યાના ટકોરે શટર નીચે પાડયા હતા તો જવાબદાર તંત્ર હજુ વધુ કોરોના કેસોમાં વધારો થાય તેની રાહ જોઈ રહ્યુ હોય તેમ લાગી રહ્યું છે. હાલ દેશ સહિત ગુજરાતમાં કોરોનાનો કહેર વધતા આજે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ વિવિધ વેપારીઓ એશોસેશિયન દ્વારા દુકાનો ખોલવા બંધ કરવા માટે સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે જેમાં સવારે ૭ થી બપોરના ૨ વાગ્યા સુધીનો દુકાનો ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આજે આ નિર્ણયને પ્રાંતિજ ખાતે આવેલ તમામ નાના મોટા વેપારીઓએ એક સાથ થઈને બે ના ટકોરે પોતાની દુકાનોના શટલ નીચે પાડયા હતા અને કોરોનાનું સંક્રમણ ઓછું થાય તે માટે વેપારીઓ દ્વારા જાતે પહેલ કરી છે, ત્યારે તંત્ર દ્વારા પ્રાંતિજમાં વધતાં જતા કોરોનાના કેસોને લઈને જાણે તંત્રએ દરેક હથિયાર હેઠા મુકયા હોય તેમ કે જાણે કોઇ રસના હોય તેમ હાલ તો કોઇપણ પ્રકારની સુચના કે કાર્યવાહી કરવામાં આવતી નથી. માત્ર પોલીસ દ્વારા માસ્ક ના હોય તેવા લોકોને ૨૦૦ રૂપિયા દંડ ફટકારી સરકારની તીજોરી ભરે છે. પ્રાંતિજ પોલીસ દ્વારા આજે બજારના વેપારીઓ પાસેથી પણ દંડ વસુલ કરવામાં આવ્યો હતો પણ વેપારીઓનું કહેવું છેકે દુકાનમાં એકલા હોઈએ તો માસ્કની જરૂર નથી હોતી ત્યારે એક બાજુ તંત્ર કોરોનાની આ ખરેખર મહામારીમા હાથ ઉચા કર્યા છે, બીજી બાજુ માસ્કના નામે લોકો ઉપર કાતર મુકાય છે ત્યારે હાલ તો નગરના અગ્રણીઓ તથા વેપારીઓ દ્વારા કોરોનાનું સંક્રમણ ઓછું થાય તે માટે જાતેજ પહેલ કરી છે અને બપોરના ૨ વાગ્યા બાદ બજારો સ્વયંભૂ બજારો બંધ કર્યા તો પ્રાંતિજ બજાર ચોક, વ્હોરવાડ, સોનીવાડા નાકા, દેસાઈની પોળ, ભાખરીયા હનુમાન મંદિર ચોક, આંબડેકટર શોપીંગ, સ્વામિવેવેકાનંદ શોપીંગ, નિર્માણ શોપીંગ, ગંગોત્રી શોપીંગ, નાનીભાગોળ સહિતના વેપારીઓ દ્વારા બપોર બાદ સ્વયંભૂ બજાર બંધ કર્યા હતા.



## ડીસાના રસાણા પાસે વરસાદી ઝાપટું....

ડીસા સહિત જિલ્લામાં અષાઢ મહિનો ઉતરવાના આરે છે તેમછતાં છુટાછવાયા વરસાદી ઝાપટાને બાદ કરતાં હજુ સુધી સારો વરસાદ પડયો નથી. વરસાદ ખેંચાઈ જતા ઉલટાનું લોકો ઉકળાટ અને બફારથી ત્રાસી ઉઠ્યા છે. જ્યારે ચોમાસુ વાવેતર કરી બેઠેલા ખેડૂતો પણ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. વરસાદની આગાહી વચ્ચે પણ વરસાદ ન થતા કોરોનાના કહેર વચ્ચે અમંગળના એંધાણ વર્તાવા લાગ્યા છે ત્યારે છુટાછવાયા વરસાદી ઝાપટાનો દૌર યથાવત રહેતા મંગળવારે આકાશમાં ગોરંભયેલા વાદળા ડીસા નજીકના રસાણા નજીક અચાનક વરસી પડ્યા હતા.વરસાદી ઝાપટાને પગલે વાતવરણમાં ઠંડક પ્રસરી ઉઠતા ગરમીથી ત્રસ્ત લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

# સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત

### વધુ ૮ દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝીટીવ : હિંમતનગરમાં ૭ અને પ્રાંતિજમાં ૧ દર્દીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ : જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા ૨૫૮

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના કેસોમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે મંગળવારે વધુ આઠ દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. હિંમતનગરમાં શહેરી તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધીમા પગલે કોરોના વાયરસના સંક્રમણમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે પાણપુર, કાંકરોલ, બેરણા સહિત આર.ટી.ઓ. વિસ્તારમાં કોરોના પોઝીટીવ દર્દીઓ આવતા સમગ્ર વિસ્તારને કોરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રાંતિજ શહેરમાં પણ ૭૯ વર્ષીય વૃધ્ધનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર આર.ટી.ઓ. નજીક આવેલ રહેમતનગર વિસ્તારમાં ૫૦ વર્ષીય પુરૂષ, સંજર સ્ટ્રીટમાં ૭૫ વર્ષીય વૃધ્ધ અને ૬૭ વર્ષીય મહિલા, સર્વોદય સોસાયટીમાં ૫૨ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આ ઉપરાંત હિંમતનગર નજીક આવેલ પાણપુર ગામમાં ૬૬ વર્ષીય પુરૂષ, બેરણા ગામમાં ૪૫ વર્ષીય પુરૂષ અને કાંકરોલના ચિત્રકૂટ સોસાયટીમાં ૫૪ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ઉપરાંત પ્રાંતિજ શહેરમાં પણ ૭૯ વર્ષીય વૃધ્ધનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

અત્યાર સુધી જિલ્લામાં કોરોનાના ૨૫૮ કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ હિંમતનગરમાં ૧૦૪, પ્રાંતિજમાં ૬૪, ઈડરમાં ૩૧, તલોદમાં ૨૨, વડાલીમાં ૧૩, ખેડબ્રહ્મામાં ૧૨, વિજયનગરમાં ૯ અને પોશીના તાલુકામાં ૩ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાના કારણે સાત દર્દીઓના અવસાન થયા છે.

### મોડાસા ટાઉન પોલીસની આંખ નીચે ચાલતા

# વરલી-મટકાના સ્ટેન્ડ પર સ્ટેટ વિજિલન્સ ત્રાટકી છ શખ્સોને દબોચ્યા

મોડાસા, તા. ૧૪

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં દારૂ-જુગારની બદી ફૂલીફાલી છે. શહેરમાં પોલીસતંત્રના છુપા આશીર્વાદ નીચે ગેરકાયદેસર પ્રવૃતિઓ મોટા પાયે ધમધમી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે, ત્યારે સ્ટેંટ વિજિલન્સની ટીમે મોડાસા શહેરમાં ચાલતા વરલી-મટકાનાં સ્ટેન્ડ પર ત્રાટકી ૬ શખ્સોની ધરપકડ કરી ૨૭ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મોડાસા શહેરમાં વરલી-મટકાના સ્ટેન્ડ ચલાવતો સમ્સુદીન મોટુમીયા મલેક નામનો શખ્સ ફરાર થઈ જતા સ્ટેટ વિજિલન્સની ટીમે જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ મોડાસા ટાઉન પોલીસને સુપ્રત કરી હતી.




સ્ટેટ વિજિલન્સના દરોડાથી સ્થાનિક પોલીસમાં ખળભળાટ મચી ગયો હતો. જુગારીઓમાં નાશભાગ મચી હતી.

પ્રાપ્ત માહિતી શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી સમસુ મલેક નામનો શખ્સ વરલી-મટકાના સ્ટેન્ડ ચલાવી રહ્યો છે. વરલી-મટકાનો જુગારની લતમાં અનેક પરિવારો બરબાદીની ગર્તામાં ધકેલાઈ ગયા છે, કેટલાક યુવાનો તો પરિવારજનોની જાણ બહાર વ્યાજે રૂપિયા લઈ જુગારની લત સંતોષી વ્યાજના ખપ્પર ઘર-બાર ગુમાવી ચુક્યા છે. શહેરમાં ઠેર ઠેર ધમધમતા વરલી-મટકાનાં સ્ટેન્ડ અંગે ટાઉન પોલીસને ખબર જ ન પડી અને સ્ટેટ મોનીટરીંગ સેલ ત્રાટકી ૬ શખ્સોને દબોચી લેતા ટાઉન પોલીસ સ્ટેશનની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે. સમસુ મલેકે હપ્તારાજની ફેલાયેલી જાળમાં ભલભલા અધિકારીઓ અને કર્મચારીઓ સપડાઈ જતા હોવાથી શહેરમાં વરલી-મટકાનો જુગાર ધમધમી રહ્યો છે. વરલી-મટકાના સ્ટેન્ડની આજુબાજુ પોલીસજીપ અને બાઈક પર પોલીસના આંટાફેરા મારતા દશ્યો દરરોજના બન્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

સ્ટેટ વિજિલન્સની ટીમે સોમવારે સાંજના સુમારે મોડાસા શહેરમાં ધમધમી રહેલા વરલી-મટકાના સ્ટેન્ડ પર ત્રાટકી પરબત ગોગજીભાઈ ભોજીયા, ભુપેન્દ્ર સોમાલાલ દરજી, સલીમ બદાલમિયાં જમાદાર, મહંમદ રસીદ મહંમદ હસન પઠાણ, મોહમ્મદ ઈશાક દિલાવરમિયા જમાદાર, અબ્દુલ રહીમ યુસુફમીયાં જમાદારને ઝડપી પાડી વરલી-મટકામાં લગાવેલ નાણાં, મોબાઈલ, વરલી-મટકાના આંકડા લખવાની સામગ્રી મળી કુલ રૂ. ૨૭૦૧૦ નો મુદ્દામાલ ઝડપી સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા પડતા ફરાર થઈ ગયેલા સમ્સુદીન મોટુમીયા મલેક વિરુદ્ધ જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

## બાયડ નગરપાલિકામાં વહેપારી એસોસિએશનની બેઠક યોજાઈ

એક તરફ કોરોનાનો કહેર સતત વધી રહી છે ત્યારે આજરોજ બાયડ નગરપાલિકામા વેપારી એસોસિએશનની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વેપારીઓએ સ્વયંભૂ બજાર બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. બજાર તારીખ ૧૫ થી ૩૧ જુલાઈ સુધી બંધ રાખવામાં આવશે. આજરોજ બાયડ નગરપાલિકાના પ્રમુખ સાહિનબેન ડી. મલેક, બાયડ



નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તથા પક્ષના નેતા ચીમનભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ દિનકરભાઈ પટેલની અધ્યક્ષતામાં વેપારી એસોસીએશનની બેઠક યોજાઈ હતી. જેમાં બજારના તમામ વેપારીઓ હાજર રહ્યા હતા. બજારમાં દૂધ મેડિકલ તથા શાકભાજી સિવાયના ધંધાઓ બે વાગ્યા પછી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કોરોનાનો સંક્રમણ અટકાવવા માટે વેપારીઓએ સ્વયંભૂ નગરપાલિકામાં રજૂઆત કરી બજાર બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.



## અરવલ્લી જિલ્લા સહકારી સંઘના હોદ્દેદારો સતત બીજીવાર બિનહરીફ ચૂંટાયા

આજરોજ અરવલ્લી જિલ્લા સહકારી સંઘના હોદ્દેદારોની ચૂંટણીની બેઠક નાયબ કલેકટર અને ચૂંટણી અધિકારી મયંકભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાતા દરેક પદ માટે એક એક જ ઉમેદવારી ફોર્મ ભરાતા અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને માનદ મંત્રી સતત બીજીવાર બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં અધ્યક્ષ તરીકે પ્રભુદાસભાઈ પી.પટેલ, ઉપાધ્યક્ષ ભીખાજી ડામોર અને માનંદમંત્રી તરીકે જગદીશભાઈ પટેલ સતત બીજીવાર ચૂંટાઈ આવતા ઉપસ્થિત જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી અને સંઘના ડિરેક્ટરો શામળભાઈ પટેલ, રાજેન્દ્રસિંહ ભાટી, બાબુભાઈ એમ.પટેલ, પંકજભાઈ પટેલ, રાજેન્દ્રકુમાર પટેલ, વિનોદભાઈ શાહ, હસમુખભાઈ પટેલ, ગુલાબચંદ પટેલ વગેરે ઉપરાંત વિમલભાઈ પટેલ, સંજયભાઈ ગો. પટેલ, ગીરીશભાઈ પટેલ સહિત અન્ય સહકારી આગેવાનોએ અને સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલે ધ્વનિ સંદેશામાં અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.




## મોડાસામાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ગુરુવંદના કાર્યક્રમ યોજાયો

મોડાસા તાલુકો (અરવલ્લી)નો ગુરૂવંદના કાર્યક્રમ આરએસએસ કાર્યાલય મોડાસા ખાતે શનિવારના રોજ યોજાયો. કોરોના મહામારી અંતર્ગત યોજના મુજબ ખૂબ જ મર્યાદિત સંખ્યામાં શિક્ષક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને ગુરૂપૂજન કરવામાં આવ્યું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મોડાસા નગર કાર્યવાહ ડૉ. બ્રિજેશભાઈ ચંદ્રરાવ ખાસ ઉપસ્થિત રહી સંઘ પરિચય વિષય પર બૌદ્ધિક આપ્યું હતું. સમગ્ર સંચાલન મોડાસા તાલુકાના અધ્યક્ષ રિતેશભાઈ પટેલ અને મંત્રી ધર્મેશભાઈ પરમારે કર્યું હતું. કોરોના મહામારીના સમયમાં સોસિયલ ડિસ્ટન્સીગનુ પાલન અને માસ્ક, સેનેટાઈઝરનો ઉપયોગ પણ અચૂક કરવામાં આવ્યો હતો. જિલ્લા પ્રમુખ મિનેષભાઈ પટેલે સંગઠનના ક્ષેત્રવિસ્તાર પર ભાર મૂકવાની વાત કરી હતી.

# સાબરકાંઠાના પ્રકૃતિપ્રેમી રામાભાઈ ચારણે પાંચ લાખથી વધુ વૃક્ષો વાવી જતન કર્યું

### ૫૦ હજારથી વધુ પોસ્ટકાર્ડ લખી લોકોને જાગૃત કરવાનુ કામ કરી રહ્યા છે : આકાશવાણી અમદાવાદથી નિનાદ કાર્યક્રમ દ્વારા પ્રકૃતિનું શિક્ષણ આપી રહ્યા છે

જંગલોનું નિકંદન વધી રહ્યું હોય ગ્લોબલ વોર્મિંગની



અસરથી જીવસૃષ્ટિ સામે ખતરો પેદા થયું છે આનાથી બચવાનો એક જ ઉપાય છે. વધુ વૃક્ષો વાવો આ સંદેશને દરેક ઘર સુધી પહોંચાડવાનો મહાયજ્ઞ મૂળ ઈડરના કુવાવા અને હિંમતનગરના રહિશ નિવૃત શિક્ષક રામાભાઈ ચારણ ચલાવી રહ્યા છે. વન્યપ્રેમી એવા રામાભાઈ રોજ ૫ થી ૧૦ પત્રો લોકોને લખીને વૃક્ષો વાવવા અને પર્યાવરણ બચાવવા માટે પ્રેરણા આપી રહ્યા છે. શિક્ષકશ્રી રામાભાઈએ આઠ વર્ષની નાની ઉંમરથી અત્યાર સુધીમાં એકલા હાથે ગૌચરની જમીન, શાળાઓ કોલેજો અને રોડ સાઈડ પર પાંચ લાખથી વધુ વૃક્ષો વાવીને તેનુ જતન કર્યું છે.

ઈકો ક્લબ તથા પર્યાવરણ અને પ્રકૃતિ શિક્ષણ સંશોધન સંસ્થાના સંયોજક રામાભાઈ માને છે કે સારુ જીવન એટલે પર્યાવરણ. તેથી જ પર્યાવરણના જતન માટે તેઓ ૨૫ વર્ષથી સતત કાર્યરત છે તેમણે જણાવ્યું કે ગુજરાત વિદ્યાપીઠમાં ભણતા હતા તે સમયે રમણલાલ પરીખે પ્રેરણા આપી હતી સામાજિક કે અન્ય કારણોસર સ્વજન કે મિત્રો ને પત્ર લખતા હોઈએ ત્યારે તેમાં પર્યાવરણની વાતો પણ લખવી જોઈએ. આ સૂચનનો અમલ તે દિવસથી આજ દિન સુધી કરી રહ્યા છે. પોકેટ ખર્ચના પૈસા માંથી લોકોને પત્ર મારફત પર્યાવરણ અંગે જાગૃત કરવા અભિયાન શરૂ કર્યું હતું. રામાભાઈ નિત્યક્રમ પ્રમાણે રોજ પેપરમાં શ્રદ્ધાંજલિ કે બેસણાની જાહેરાત વાંચીને તેમાં છપાયેલા સરનામે પોસ્ટકાર્ડ લખીને શોક વ્યક્ત કરવાની સાથે સાથે એક વૃક્ષ વાવવા માટે પણ સૂચન કરે છે. કોઈનો જન્મદિન પર પત્ર લખી શુભેચ્છા પાઠવી તેની યાદગીરી સ્વરૂપે વૃક્ષ વાવીને તેનું જતન કરવા પત્રમાં ઉલ્લેખ કરે છે. આજ દિન સુધીમાં ૫૦ હજારથી વધુ લોકોને આ પ્રકારે પત્ર લખી પર્યાવરણ પ્રત્યે જાગૃત કર્યા છે હાલમાં પણ આ કાર્ય અવિરત કરી રહ્યા છે. પર્યાવરણ ઉપરાંત તેઓ સ્ત્રીભૃણ હત્યા, પાણી બચાવો, સ્વચ્છતા જેવા વિષયો પણ પત્રમાં આવરી લે છે. જેને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

વધુમાં જણાવતા તેઓએ ઉમેર્યું કે, ૨૦૧૪માં ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષકનુ સન્માન મળેલ છે તેમજ ૨૦૧૫માં પર્યાવરણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખર્જી દ્વારા ભોજન સમારંભમાં પણ તેમને આમંત્રીત કરી તેમની કામગીરી બિરદાવવામાં આવી હતી. આ સિવાય સૃષ્ટિ એવોર્ડ તેમજ અનેક એવોર્ડથી સન્માનિત કર્યા છે. વર્ષ ૧૯૯૦માં બાયડ ડેમઈની એન.એસ.પટેલ હાઈસ્કુલના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે જોડાયા હતા. તેઓ ૧૯૯૧થી દર વર્ષે ગરીબ અને જરૂરીયાતમંદ પાંચ છોકરાઓ અને પાંચ દિકરીઓને દત્તક લેવાનુ કામ કરી તેમણે શિક્ષિત કરવાની કામગીરી પણ કરી છે.

આ સાથે રામાભાઈએ



વ્યસન મુક્તિ અભિયાન પણ ચલાવે છે, શાળાના વિધાર્થીઓને પ્રાકૃતિક શિક્ષણ આપવા માટે સાયકલ યાત્રાઓ કરાવી તેમને પક્ષીઓ અને ઔષધીઓનુ જ્ઞાન આપતા હતા. આ સાથે પક્ષીઓને ચણ નાખવા અને વન્ય જીવોનુ રક્ષણ કરવા પણ લોકોને સમજાવે છે. શિક્ષક તરીકે વિધાર્થીઓમાં સ્વચ્છતાના ગુણ વિકસે તે માટે સ્વચ્છતા શિબિરો તેમજ જીવ દયાના પાઠ પણ ભણાવ્યા છે.

હાલમાં રામાભાઈ ચારણનો આકાશવાણી કેન્દ્ર અમદાવાદ ખાતેથી દર પંદર દિવસે નિનાદ કાર્યક્રમ પ્રસારીત થાય છે જેમાં તેઓ પ્રકૃતિ વિશે શિક્ષણ આપે છે. રામાભાઈ ચારણને સન્માનીત કરવા માટે ભારતીય ટપાલ દ્વારા તેઓને માય સ્ટેમ્પથી સન્માનીત કર્યા છે.